EDII

Navgujarat Samay

May 19, 2016
Page No. 3

# ધીમી પરંતુ મક્કમ પ્રગતિ એ જ ધંધામાં સફળતાની ચાવી:વિજય ગુપ્તા



**અમદાવાદઃ** આન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા ખાતે યોજાયેલા સમરકેમ્પમાં શહેરની જાણીતી રેસ્ટોરાંના માલિક વિજય ગુપ્તાએ પાર્ટિસિપન્ટ્સને સફળતાનો મંત્ર આપ્યો હતો. આ સમરકેમ્પમાં 9 રાજ્યોના કુલ 48 પાર્ટિસિપન્ટ્સે ભાગ લીધો હતો જેમાં ગુજરાત ઉપરાંત કેરાલા, કર્ણાટક, રાજસ્થાન, તામિલનાડુ રાજ્યોનો પણ સમાવેશ થાય છે. સાધારણ લારીથી પોતાનો ભાજીપાંઉનો બિઝનેસ શરૂ કરનાર વિજય ગુપ્તાએ તેમણે બિઝનેસ એમ્પાયર કેવી રીતે ઊભું કર્યું ત્યાંથી માંડીને દુબઈ અને યુ.એસ.માં પોતાની શાખાઓ ખોલવા સુધીની પોતાની સફળતાની ગાથા પાર્ટિસિપન્ટ્સ સાથે શેર કરીને તેમને પ્રેરણા આપી હતી.વિદ્યાર્થીઓને સફળતાનો મંત્ર આપતા તેમણે જણાવ્યું હતું કે, 'જે ઉદ્યોગસાહસિકો સારું કામ કરે છે તે લોકોનું ધ્યાન અવશ્ય ખેંચે છે. નાના પાયે શરૂઆત કરો, ઉતાવળ ન કરો. એક એક નાનું ડગલું જ તમને સફળતા તરફ દોરી જશે. બિઝનેસ ઊભો કરવા મનોબળ મજબૂત હોવું ખૂબ જરૂરી છે.' ધંધામાં નિષ્ફળતા અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, 'દેખાદેખી અને પ્રતિસ્પર્ધાએ સ્ટાર્ટ અપની નિષ્ફળતાના બે મુખ્ય કારણો છે. સ્ટાર્ટ અપએ પાયાથી શરૂઆત કરવી જોઈએ પરંતુ કેટલાંક લોકો મોટા પાયે બિઝનેસ શરૂ કરવાની ભૂલ કરી બેસે છે. ધીમી પરંતુ મક્કમ પ્રગતિ એ જ ધંધામાં સફળતાની ચાવી છે.'